## ઊંઝા ખેતીવાડી બજાર સમિતિની ચૂંટણીમાં સત્તાધારી પક્ષની પેનલનો જવલંત વિજય

ઊંઝા, તા. ૨૨

ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ખેડૂત મત વિભાગની આઠ બેઠકો માટે ભારે રસાકસીભરી રીતે યોજાયેલ ચૂંટણીમાં બજાર સમિતિમાં સત્તાધારી પક્ષની પેનલના આઠેય ઉમેદવારોનો જવલંત વિજય થયો હતો જયારે સામેની પેનલના સક્રિય ઉમેદવારોનો પરાજય થયો હતો.

ગઈકાલે ખેડૂત મત વિભાગના આઠ સદસ્યોની ચૂંટણી યોજાઈ હતી. જે ચૂંટણીની આજે સવારે મતગણતરીનું કાર્ય હાથ ધરાતાં મતગણતરીના અંતે પરિણામ જાહેર થયું હતું. જેમાં ઊંઝા બજાર સમિતિના વર્તમાન ચેરમેન ગૌરાંગભાઈ પટેલની વિકાસ પેનલના આઠેય ઉમેદવારો વધુ મતોની સરસાઈથી ચૂંટાઈ આવ્યા હતા. સત્તાધારી પક્ષની પેનલ વિજયી થતાં તેઓના સમર્થકોમાં આનંદની લાગણી ફેલાઈ હતી. અને મીઠાઈ વહેંચીને તેમજ ફટાકડા ફોડીને ખુશી વ્યકત કરવામાં આવી હતી. આ ચૂંટણીમાં ધૂમ ખર્ચો થયો હોવાનું ચર્ચાય છે.

**વિજેતા ઉમેદવારનું નામ**

પટેલ અંબાલાલ જોઈતારામ
પટે ડાહ્યાભાઈ મણીલાલ
પટેલ ધિરેન્દ્રકુમાર બાબુલાલ
પટેલ દિપકભાઈ માધવલાલ
પટેલ મફતલાલ જોરદાસ
પટેલ મોહનભાઈ કાશીરામ
પટેલ ભગવાનભાઈ શિવરામ
દેસાઈ મહાદેવભાઈ મહેરાજભાઈ

# કાળ ઝાળ ગરમી સાથે ફરી માવઠું થવાની શકયતા

### અસમાન ગરમીના કારણે હવાના દબાણો સર્જાય : પશ્ચિમી વિક્ષેપના કારણે એપ્રિલમાં વંટોળ સાથે કમોસમી વરસાદની વકી

ગાંધીનગર, તા. ૨૨

વાતાવરણમાં ઉનાળાનો પ્રારંભ થઈ ચુકયો છે ત્યારે ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના મતે આ ગરમી સાથે હવામાનમાં પલ્ટાની વકી જણાય છે. તેમના મતે દેશના વાતાવરણમાં ભૂભૌગોલિક કારણો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતા આ વખતે વારંવાર પશ્ચિમી વિક્ષેપોની અસરના કારણે હવામાનમાં પલ્ટા આવતા રાજય તેમજ દેશના ઘણા ભાગોમા કમોસમી વરસાદથી જનધનને ઘણી હાની થવામાં હતી અને ઉભા કૃષિ મોલને પણ નુકશાની થવામાં હતી.

હવામાનમાં પલ્ટા અંગે જોતા એપ્રિલ માસમાં ગરમી પડવાની સાથે સાથે કાળ ઝાળ ગરમી પડે તેમજ આંધી પવન ફુંકાવાની સાથે સાથે વંટોળ જણાય. તેમજ સાગરમાં હવાનું દબાણ ઉભું થતા એપ્રિલ માસમાં અસમાન ગરમીના કારણે હળવા દબાણો સર્જાય. આગામી દિવસો અંગે જોતા હાલમાં ગરમી પડવાની સાથે સાથે વાદળો પણ જણાય છે. હજુ પણ હવામાનમાં પલ્ટા સાથે આગામી દિવસોમાં દેશના કેટલાક ભાગોમાં તેમજ રાજયના ભાગોમાં પણ કમોસમી વરસાદની વકી રહે. તા. ૨૩-૨૪ વાદળો જણાય અને હવામાનમાં પલ્ટા આવે તેમજ પશ્ચિમ ક્ષેત્રની ગરબડને લીધે તા. ૨૪-૨૫ પવનો ફુંકવાની સાથે વાદળો જણાય અને તા. ૨૫ થી ૩૦માં દેશના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની પણ વકી રહે. રાજયના કોઈ કોઈ ભાગોમાં વરસાદ અને કયાંક કયાંક કરાનો વરસાદ થવાની વકી રહે તેમ છે.

દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં તા. ૨૭મીથી હવામાન પલટાય અને તા. ૩૧ સુધીમાં હીમ વર્ષા કે ઠંડકનો વરસાદ થવાની વકી રહે. આ વખતે એપ્રિલ માસમાં મધ્યપ્રદેશ, વિદર્ભના ભાગો, મહારાષ્ટ્રના ભાગો, ઉત્તર ગુજરાતના ભાગો, કચ્છનો અમુક ભાગ, મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં કાળઝાળ ગરમીની વકી રહે. કાંઠા વિસ્તારના ભાગોમાં ભેજ, ઉકળાટ સાથેની ગરમી રહે તેમજ દરિયાકિનારે પવનો ફુંકાય. આ આગાહી ઉત્પાત સંબંધી નથી. મહદઅંશે બાગાયતી પાકો તેમજ કેટલાક કૃષિ પાકો અંગેની છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુર સિવિલ હોસ્પિટલના મુખ્ય દરવાજા નીચેની પાઈપમાં મહિલાનો પગ ફસાયો

પાલનપુર સિવિલ હોસ્પિટલના મુખ્ય એન્ટ્રીગેટમાં નીચે રોડ પર લગાવેલી લોખંડની પાઈપમાં એક મહિલાનો પગ ફસાઈ જતા તેણીની હાલત ભારે કફોડી બની હતી. પાલનપુરમાં સ્થિત જનરલ હોસ્પિટલમાં આજે સલેમપુરા વિસ્તારની એક મહિલા આવી હતી. દરમિયાન મુખ્ય દરવાજાની અંદર પ્રવેશ લેતા જ દરવાજાની નીચે લગાવેલી લોખંડની પાઈપમાં પગ અચાનક જ ફસાઈ ગયો હતો અને મહિલા નીચે પછડાઈ હતી. આ ઘટનાને પગલે આસપાસના લોકો અને સિવિલના સ્ટાફના માણસો તુરંત દોડી આવ્યા હતા અને ભારે મહેનત બાદ પાઈપોને તોડી મહિલાના પગને બહાર કાઢવામાં આવ્યો હતો અને ગભરાયેલી મહિલાએ હાંશકારો અનુભવ્યો હતો. આજ સ્થળે અગાઉ પણ એક વ્યક્તિનો આવી રીતે પગ ફસાઈ જવાનો બનાવ બન્યો હતો.

## ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન બીનહરીફ ચૂંટાયા

ગાંધીનગર, તા. ૨૨

સહકારી ક્ષેત્રની ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લી.ના ચેરમેનપદે અજય પટેલ અને વાઈસ ચેરમેન પદે શંકરભાઈ ચૌધરી ફરી એકવાર બીનહરીફ ચુંટાયા હતા.

સહકરી અગ્રણી અજય પટેલ અને શંકરભાઈ ચૌધરીએ પ્રથમ તથા બીજી મુદત દરમિયાન ગુજરાતની ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેંકોની પ્રગતિમાં અને વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. જેથી ત્રીજી મુદત માટે સતત બીજીવાર બીન હરીફ ચુંટાયા હતા.

અજય પટેલ ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો ઓપ બેંક તેમજ ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક એમ જિલ્લાની ટોચની તથા રાજયની ટોચની એમ બંને બેંકોના ચેરમેનપદે ચુંટાયેલા છે. જયારે શ્રી શંકરભાઈ ચૌધરી ગુજરાત રાજયના આરોગ્ય અને પરીવાર કલ્યાણ, વાહનવ્યવહાર તથા શહેરી વિકાસના મંત્રી તરીકે તથા બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કો ઓપ બેંક લિ.ના ચેરમેન પદે ચુંટાયેલ છે. આમ બંને આગેવાનોએ તેમની આગેવાની હેઠળ કુશળ નેતૃત્વ, પારદર્શક-વહીવટ, સ્વચ્છ પ્રતિભા અને તમામ લોકોને સાથે રાખીને વહીવટ કરવાની, તમામ થાપણદારોના ખેડૂતોના હિતની ચિંતા કરી ઝડપથી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની, ત્વરીત નિર્ણય લેવાની ક્ષમતા તેમજ સહકારની ભાવનાથી આ બેંક સાથે સંકળાયેલ તમામ જિલ્લા સહકારી બેંકોએ ખેડૂતો અને થાપણદારોનો ઝડપથી વિશ્વાસ સંપાદન કરી વિકાસની દિશામાં હરણફાળ ભરી છે.

## ડીસા તિરૂપતિ સોસાયટીમાંથી સેક્સ રેકેડ ઝડપાયું : ૩ મહિલા અને ૪ પુરૂષો ઝડપાયા

ડીસા, ૨૨

ડીસાની તિરૂપતિ સોસાયટીમાં સોસાયટી રહીશોની જાગૃતિએ એક રહેણાંક એરિયામાં ચાલતું કૂટણખાણું ઝડપાયું છે. ડીસા ઉત્તર પોલીસની રેડમાં આ સોસાયટીના એક રહેણાંકના મકાનમાંથી ૪ પુરૂષો અને ૩ શકમંદ મહિલા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા આ સમગ્ર મામલો ચકચારી બનેલ છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

બનાસકાંઠાના ડીસામાં આવેલી તિરૂપતિ સોસાયટીમાં એક મહિલા બહારથી સ્ત્રી-પુરૂષો બોલાવી દેહ વ્યાપારનો ધંધો ચલાવતી હોવાની સ્થાનિક રહીશ ભરતભાઈ પ્રભુદાસ પટેલે ડીસા ઉત્તર પોલીસને એક લેખિત ફરિયાદ આપી હતી. આ ફરિયાદ આધારે આજે બપોરે પંચો રૂબરૂ ડીસા ઉત્તર પોલીસમથકના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એન. રાઠોડે બી-૧૮૩ નંબરના રહેણાંકના મકાનમાં દરોડો પાડ્યો હતો. આ દરોડામાં મકાનમાંથી પોલીસે ૩ મહિલા અને ૪ પુરૂષોને કઢંગી હાલતમાં ઝડપી પાડ્યા હતા. ઉત્તર પોલીસની પ્રાથમિક તપાસમાં આ મકાનમાં બહારથી મહિલાઓને બોલાવી દેહવ્યાપાર કરાવાતો હતો. અહી સોસાયટી રહીશોએ અનેકોવાર આ દુષણ દૂર કરવા રજુઆતો કરી હતી. જો કે દુષણ ચલાવનાર મહિલા માથાભારે હોઈ અને તેને સોસાયટી રહીશોને ધમકીઓ આપતી હતી. અને કેટલીક ફરિયાદો પણ કરી હતી. જેનાથી સોસાયટી રહીશો આ દુષણ સામે ફરિયાદ કરતા પણ ડરતા હતા. જો કે આજે ઉત્તર પોલીસે આ સમગ્ર સેક્સ રેકેટનો પર્દાફાશ કરી સાત ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી છે, જેનાથી સમગ્ર ડીસા પંથકમાં સનસનાટી મચેલ છે.

આ કૂટણખાણું વર્ષોથી ચાલતું હોવાનું સ્થાનિક રહીશ અને ફરિયાદી એવા ભરતભાઈ પટેલે જણાવ્યું હતું. અનેપોલીસેઆજેઆ દરોડોપાડી યોગ્ય કાર્યવાહી કરી છે તેમ કહી આ દુષણ કાયમી બંધ થાય તેવો પોલીસ ઉચિત પ્રબંધ કરશે તેવો આશાવાદ સેવ્યો હતો.

### ગુસ્સા ક્યું આયા?

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડૉ. દિનેશ બારોટ, મ્યુનિ. કમિશનર શ્રી જી.આર. ચૌધરી સહિતના અધિકારીઓ હાજર હતા.

ધારાસભ્ય શ્રી અશોક પટેલે લિફ્ટ કર્મચારીઓના મુદ્દે તેમજ વારંવાર લિફ્ટ ખોટકાઈ જતી હોવાની રજુઆતો કરી હતી. સિવિલ હોસ્પિટલમાં નિયમિત પાણી પુરવઠો નહિ મળતો હોવાની ફરિયાદ તેમજ ટોઈલેટના ફ્લશીંગ માટે પાણી નહિ આવતુ હોવાની વિગતો કલેક્ટરના ધ્યાને આવતાં તેઓ બહુ ગુસ્સે ભરાયા હતા. મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને ગુડાના ચેરમેનશ્રી આશિષ દવેએ ખુલ્લી જગ્યાઓ પર વનીકરણનું સૂચન કર્યુ હતુ તો શ્રીમતિ હીના પટેલે દર્દીઓના સ્વજનો માટે વધુ બાંકડાઓ મુકવામાં આવે તેમ જણાવ્યું હતું.

### આરોગ્ય તપાસણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દવે, જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, મહાનગરપાલિકાના કમિશનર શ્રી જી. આર ચૌધરી વગેરે મહાનુભાવોએ દીપ-ાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ હોસ્પિટલના વિવિધ વોર્ડની તથા મેડીકલ કોલેજની પણ મુલાકાત લીધી હતી. -ારંભે સિવિલ હોસ્પિટલના સુ-િટેન્ડન્ટ શ્રી ડો. એસ. એસ. સૈયદે મહાનુભાવોને આવકાર્યા હતા. મહિલા અને બાળ આરોગ્ય તપાસણી કાર્યક્રમનો મોટા - માણમાં મહિલાઓ, કિશોરીઓ અને બાળકોએ લાભ લીધો હતો.

### જળબંબાકારી રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંતરિક માર્ગોનું કામ ત્રણ વર્ષ પૂર્વે હાથ ધરાયું હતું. એક બાજુ માર્ગ સુધારણાના કામની મુદત પણ પૂર્ણ થઈ છે ત્યારે વરસાદી પાણીના ભરાવાથી માર્ગોનું ધોવાણ થાય તેવી પણ શક્યતા છે. પેવર બ્લોકની કામગીરી દરમિયાન રસ્તાઓના લેવલનું ધ્યાન ન રખાતા સ્ટોર્મ વોટરલાઈનની વ્યવસ્થાના અભાવે ચોમાસામાં આંતરિક માર્ગો જળબંબાકાર રહે તેવી શક્યતા છે. બીજીતરફ આ મામલે પાટનગર યોજના વિભાગના અધિકારીઓ દ્વારા પણ કોઈ ધ્યાન ન અપાતા સેક્ટરોના આંતરિક રોડનેટવર્ક સામે પણ ખતરો મંડરાયો છે.

### લોકપ્રતિસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસના નામે વનરાજીનો હ્રાસ થતો રોકી, પંચામૃત ભવન નિર્માણનું કાર્ય અન્ય ખુલ્લી જગ્યાએ કરવાની માંગણી સાથે આંદોલનાત્મક કાર્યક્રમો શરૂકર્યા છે. જેમાં ૨૧મી માર્ચે વિશ્વ વન દિવસ નિમિત્તે શહેરના હાર્દસમા ઘ-૪ સર્કલ વિસ્તારમાં કેન્ડલ માર્ચનું આયોજન કર્યું હતું. નાગરિકોએ સેંકડોની સંખ્યામાં ઉપસ્થિત રહી કેન્ડલ પ્રગટાવી, સૂત્રો અને રામધૂન દ્વારા સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

આંદોલનના ભાગરૂપે ૨૨મી માર્ચ રવિવારે પંચામૃતભવન નિર્માણના સૂચિત સ્થળે વૃક્ષોને રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાયો હતો. પર્યાવરણ પ્રમીઓ, નગરની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, આબાલવૃદ્ધ સૌએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. જેમાં મહિલાઓ-બાળકોની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી. સૌએ એક એક વૃક્ષને લાગણીપુર્વક સૂતરનો તાંતણો બાંધીને પાટનગરના પર્યાવરણની સુરક્ષા માટે છેવટ સુધી લડત આપવાના શપથ ગ્રહણ કર્યા હતા. આગામી દિવસોમાં પોસ્ટકાર્ડ લેખન, વૃક્ષારોપણ, પ્રકૃતિવિષયક સ્પર્ધાઓ, ચોકઠા પરિષદો, ચીપકો, સામૂહિક સહીઝુંબેશ, શેરીનાટકો, ધરણાં જેવાં કાર્યક્રમો યોજાશે.

### પરંપરાગત રમતો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેઓ ઘરમાં જ ભરાઈ રહે છે. પરંપરાગત રમતો બાળકોને સતત દોડતા રાખતી હતી. ભમરડો, લખોટી જેવી રમતો બાળકોની એકાગ્રતામાં વધારો કરતાં હતા. બાળકનો સંપૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ કરી શકે તેવી પરંપરાગત રમતો કદાચ ક્યાંક ગ્રામ્ય વિસ્તારોમાં રમાતી હશે, પરંતુ શહેરી વિસ્તારમાં તે રમતો રમાતી નથી તે એક હકીકત છે. ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં પરંપરાગત રમતો માટે જોઈતા મેદાનો મળતા નથી. શહેરી વિસ્તારોમાં બાળકો રમી શકે તેવા ખુલ્લા સરસ માટીવાળા મેદાનો શોધવા જવુ પડે તેમ છે. આંબલી-પીપળીની રમત રમવા માટે જરૂરી વૃક્ષો જ નથી તો બાળકો હવે તે રમે ક્યાં... નદી કે તળાવમાં પાણી નથી એટલે બાળકો તરવાની મજા માણી શકતા નથી. સ્વીમીંગ શીખવા હવે ઉંચી ફી ભરવી પડે છે. લખોટી, ભમરડો જેવી રમતો બીલો સ્ટાન્ડર્ડ ગણાય છે. નવી પેઢીના બાળકોને કેવી રીતે સમજાવવુ કે દિવાસળીના ખોખાના રંગબેરંગી પાના ભેગા કરવાની, તે મિત્રોને બતાવવાની અને મિત્રો સાથે તેની અદલા-બદલી કરવામાં કેવો આનંદ આવતો. પ્રથમ વરસાદની ભીની રેતીમાં સળીયો ખોસવાની રમત રમવા માટે વરસાદની કેવી આતુરતાપૂર્વક રાહ જોવાતી... ગૌરીવ્રત કે જયા-પાર્વતી વ્રતના જાગરણ વખતે ઉભી ખો-બેડી ખો સહિતની વિવિધ રમતો રમતા, ગીતો ગાતા જાગરણ કેવી રીતે પુરૂ થઈ જતુ તે અને ક્યારે સવાર પડી જતી તે ખબર જ ન પડતી... જૂના ગાભામાંથી બનાવેલી ઢીંગલી અને કલાકો સુધી દાદીમા જોડે બેસીને બનતા તેના વસ્ત્રો કેવો આનંદ આપતા તે આજની બાર્બીડોલ-બેડીડોલવાળી પેઢીને કદાચ ક્યારેય નહી સમજાય.. શહેરીકરણ અને આધુનિકીકરણો ભોગ લીધો હોય તેવી વસ્તુઓની યાદીમાં આવી પરંપરાગત રમતોને પણ સ્થાન આપવુ પડે છે તે દુઃખદ બાબત છે...

## ભિલોડામાં શ્રી એકલીંગજી દાદાનો બારમો પાટોત્સવ યોજાયો

ભિલોડા, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજવાડી હોલમાં શ્રી એકલીંગજી દાદાનો બારમો પાટોત્સવ ભક્તિભાવ પુર્વક યોજાયો હતો.શ્રી એકલીંગજી દાદાના પાટ્યોત્સવ નિમિત્તે શ્રધ્ધાળુ ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા.ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.ભિલોડા ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજના ભાઈઓ અને બહેનોએ શ્રી એકલીંગજી દાદાના પાટ્યોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## શબ્દાવલી - ૫૬૭૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ૭ | ■ | ■ | |
| ૮ | | ■ | ૯ | | ૧૦ | ૧૧ | ■ |
| ■ | ■ | ૧૨ | ■ | ૧૩ | | | |
| ૧૪ | | | ■ | ■ | ૧૫ | | ■ |
| | ■ | ■ | ૧૬ | ૧૭ | ■ | ■ | ૧૮ |
| ૧૯ | | ૨૦ | ■ | ૨૧ | ૨૨ | ■ | |
| | ■ | | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. ગણેશ, વ્રકોદર, વિનાયક (૪)
૪. આત્મા, જીવ, પ્રાણતત્ત્વ (૩)
૬. લૈલાનો આશિક (૩)
૮. પ્રેમ, પ્યાર, પ્રીત (૨)
૯. નજર તળે, ધ્યાન રાખવું તે પ્રક્રિયા (૪)
૧૩. રોગનો ફેલાવો, ઉપદ્રવ (૪)
૧૪. આધાર, આશ્રય (૩)
૧૫. પેટમાં ભુખનો ખાડો, દ્રોણી પેટને... કી પણ કહેવાય (૨)
૧૬. ભગવાન, રબ, અલ્લાહ (૨)
૧૯. લાવારીશ, મા-બાપ વગરનું (૩)
૨૧. સાંસણનું જંગલ, વન્યપશુ જયાં આરક્ષિત છે તે જંગલ (૨)
૨૩. નિરાશ, નાઉમેદ (૪)

### ઊભી ચાવી

૧. ઊંચાઇ (૩)
૨. શ્વાસનો એક રોગ (૨)
૩. રાત્રિ, નિશા (૩)
૫. શરીરનું શ્વસન ક્રિયાનું એક અંગ, પ્રતિષ્ઠા (૨)
૭. બેશરમ, ગુરુ વગરનો (૩)
૧૦. ઘાંટા પાડી આલાપવું તે, ઘાંટો (૩)
૧૧. ઢોળાવ, ઊંચાણ નહિં તેવું (૩)
૧૨. કિનારો (૨)
૧૪. મદદ (૪)
૧૭. જર, ઘરેણાં (૩)
૧૮. ઘર, રહેઠાણ (૩)
૨૦. હની, મધમાખી બનાવે તે (૨)
૨૨. નાના બાળકને ડૉક્ટર રોગપ્રતિકારક... આપે (૨)

### શબ્દાવલી ૫૬૭૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) કસમકસ (૬) લતીફ (૭) મદનીયું (૯) જડ (૧૦) રસ (૧૨) મદદ (૧૫) જર (૧૬) ગન (૧૭) લગાવ (૧૯) ઘસરકો (૨૨) હમ (૨૩) એટમ (૨૪) ડીમ

**ઊભી ચાવી :-** (૧) કલદાર (૨) સતી (૩) મફલર (૪) સમજ (૫) પાની (૮) દડમજલ (૧૧) સરાસર (૧૩) દરગાહ (૧૪) પનઘટ (૧૮) વમળ (૨૦) સમ (૨૧) કોડી

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે ફ્રી ટુ એર છે. મતલબ એ થયો કે ગુજરાત રેડિયો સાંભળવામાં પણ સમૃદ્ધ બનેલું છે એ વાત મોદી સમજી ચૂક્યા છે...

**રેશનિંગની દુકાનો વધી શકે છે ...**

ભારત સરકારે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો પસાર કર્યો છે અને તેનો અમલ દેશના તમામ રાજયોએ કરવાનો થાય છે. ગુજરાત સરકાર તેનો અમલ કરશે તો સૌના માટે અન્નની યોજના હેઠળ વધુમાં વધુ સસ્તા અનાજની દુકાનો ખોલવાની થશે. હાલ રાજયમાં ૧૭૨૬૨ જેટલી રેશનિંગની દુકાનો આવેલી છે જે પૈકી સૌથી વધુ ૧૦૬૨ જેટલી દુકાનો સુરત જિલ્લામાં આવેલી છે. હાલ ૨૬૨ જેટલી દુકાનોની ઘટ છે. ભારત સરકારનો કાયદો અમલમાં મૂકીએ તો દુકાનોની સંખ્યામાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો થઈ શકે છે, કારણ કે હવે વસતી અને અંતરના પ્રમાણમાં દુકાનોની ફાળવી કરવાની રહેશે. નવી નિતીનો ગુજરાતને ઈન્તજાર છે...

**એક ની સામે દસ, કોઇ માનતું નથી ...**

વૃક્ષ વાવો એવી ઝૂંબેશ ચાલે છે પરંતુ સાથે સાથે સરકારની પરવાનગીથી લાખો વૃક્ષો કપાઈ પણ રહ્યાં છે. ગુજરાત સરકારે એક કાયદો બનાવ્યો છે કે એક વૃક્ષ કાપવા સામે બીજા દસ વૃક્ષને ઉછેરવા પડશે પરંતુ તેનું પાલન ખુદ સરકારનું જંગલ ખાતુ જ કરતું નથી. છેલ્લા પાંચ વર્ષમાં સરકારની મંજૂરી સાથે ૧૫,૦૭,૯૮૫ જેટલા વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું છે અને તેના પેટે સરકારે તેની તિજોરીમાં ૨૨૩.૭૮ કરોડ રૂપિયા ભેગા કરી લીધા છે. જયાં એક લાખ કરતાં વધુ વૃક્ષો કપાયા છે તેમાં વલસાડ, નવસારી, ડાંગ, સુરત અને તાપી જિલ્લાનો સમાવેશ થાય છે. તાપીમાં તો સૌથી વધુ ૨,૪૮,૯૦૦ વૃક્ષો કપાયા છે. અમદાવાદ જિલ્લામાં ૫૮૦૦૦ કરતાં વધારે વૃક્ષોનો સોંથ વાળી દેવામાં આવ્યો છે. સુરેન્દ્રનગર એકમાત્ર એવો જિલ્લો છે કે જયાં પાંચ વર્ષમાં માત્ર ૨૬ વૃક્ષો જ કાપવામાં આવ્યા છે...

**કેબિનેટની સામે રાજભવનનો ખર્ચ ...**

ગુજરાત સરકારના બજેટ આંકડા દર્શાવે છે કે રાજયની કેબિનેટ કરતાં રાજભવનનો ખર્ચ અનેકગણો વધારે છે. ત્રણ વર્ષ પહેલાં રાજય કેબિનેટના પગાર, સરભરા, પ્રવાસ અને અન્ય ખર્ચ પેટે ૩.૨૩ કરોડનો ખર્ચ થયો હતો પરંતુ આ વર્ષે ખર્ચમાં મોટો વધારો થયો છે અને આંકડો ૪.૯૪ કરોડ સુધી પહોંચી ગયો છે. આ ખર્ચ વધવાનું મુખ્ય કારણ પગાર અને ભથ્થાંમાં કરવામાં આવેલો વધારો છે. પ્રધાનોના પગારનો ખર્ચ ૨.૮૭ કરોડ ગણવામાં આવ્યો છે. સરભરા ખર્ચનો આંકડો ૧.૫૦ લાખ અંદાજવામાં આવ્યો છે. જો કે પ્રવાસ ખર્ચ ૯૦ લાખ થવાનો છે, જયારે રાજયપાલનો ખર્ચ ૬.૧૩ કરોડ બતાવવામાં આવે છે જે પ્રધાનોના ખર્ચની સરખામણીએ એક કરોડ વધારે થવા જાય છે...

**ચૂંટણી ખર્ચમાં ઉત્તરોત્તર વધારો થયો ...**

ભારતના ચૂંટણી પંચને નિભાવવાનો ખર્ચ પ્રતિવર્ષ વધતો જાય છે. લોકશાહી દેશમાં ચૂંટણીઓ મોંઘીદાટ બનતી જાય છે. ૨૦૧૨-૧૩ના વર્ષમાં ચૂંટણી પંચને ગુજરાત સરકારે ૨૦૯ કરોડ આપ્યા હતા અને ૨૦૧૪-૧૫માં ૨૭૪ કરોડ આપ્યા હતા. આ બન્ને વર્ષમાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણી આવી હતી. આ વર્ષે એવી કોઈ ચૂંટણી નથી છતાં સરકારે પંચના ખર્ચ માટે ૮૧.૮૯ કરોડ ચૂકવવાનું નક્કી કર્યુ છે. આ ખર્ચ સામાન્ય રીતે પંચ, પંચના અધિકારીઓના પગાર-ભથ્થાં, મતદાર યાદીઓની સુધારણા તેમજ મતદાર ઓળખપત્ર પાછળ થવાની ધારણા છે. મતલબ એ થયો કે ચૂંટણી હોય તો ખર્ચ વધે છે અને ના હોય તો પણ ખર્ચ તો થાય છે. રેકોર્ડ દર્શાવે છે કે છેલ્લા ચાર વર્ષમાં ચૂંટણી પંચને સત્તાવાર ૭૦૦ કરોડનો ખર્ચ થયો છે...

**કુદરતી આપત્તિ માટે ૩૯૦૦ કરોડ મળશે ...**

કુદરતી આપત્તિ નિધિમાં ગુજરાત સરકારને આવનારા પાંચ વર્ષમાં કુલ ૩૯૦૦ કરોડ મળવાની સંભાવના છે. નાણાપંચની ભલામણ પ્રમાણે આપત્તિ નિધિમાં કેન્દ્રનો ફાળો ૯૦ ટકા છે અને રાજયનો ૧૦ ટકા છે. ૨૦૧૫-૧૬ના વર્ષમાં ગુજરાતને આપત્તિ વ્યવસ્થાપન માટે કેન્દ્ર તરફથી ૬૩૪ કરોડ મળવાપાત્ર છે જેની સામે ગુજરાતનો ફાળો ૭૦ કરોડ થાય છે. ૨૦૧૫-૧૬ થી ૨૦૧૯-૨૦ સુધીના પાંચ વર્ષના આંકડા જોઈએ તો કેન્દ્ર તરફથી ગુજરાતને ૩૫૦૪ કરોડ મળશે અને રાજયનો હિસ્સો ૩૮૯ કરોડ રહેશે. એટલે કે ભૂકંપ, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ સહિતની કુદરતી આપત્તિઓ માટે સરકાર પાસે ૩૯૦૦ કરોડની જોગવાઈ છે...

**ગુજરાતને વધુ એક યુનિવર્સિટી મળી ...**

કેન્દ્રના રેલ્વે મંત્રાલયે ભારતની સૌથી પહેલી રેલ્વે યુનિવર્સિટી સ્થાપવાનું નક્કી કર્યું છે અને તેના માટે ગુજરાતના વડોદરાને પસંદ કરવામાં આવ્યું છે. રેલ્વે પ્રધાને કહ્યું છે કે અમે ૨૦૧૫-૧૬ના વર્ષમાં જ રેલ્વે યુનિવર્સિટીની સ્થાપના કરીશું. આ યુનિવર્સિટી ડીગ્રી તેમજ ડિપ્લોમાના કોર્સ પ્રદાન કરશે. નેશનલ એકેડેમી ઓફ ઈન્ડિયન રેલ્વે તેમજ સેન્ટ્રલાઇઝેશન ટ્રેઈનિંગ ઈન્સ્ટીટ્યુટ જેવી સંસ્થાઓ આ યુનિવર્સિટીની અંડરમાં આવશે. જો કે આ યુનિવર્સિટી અંતે કોઇ ફંડ એલોટ કરવામાં આવ્યું નથી અને કોઇ ટાઇમલાઇન પણ નિશ્ચિત કરવામાં આવી નથી. બીજા શબ્દોમાં કરીએ તો કેન્દ્રએ આ યુનિવર્સિટી માટે માત્ર જાહેરાત કરી છે...

**સૌથી વધુ એનઆરઆઇ રૂપિયા ક્યાં છે ...**

ભારતમાં કેરાલા રાજયમાં ૯૦,૦૦૦ કરોડની એનઆરઆઈ ડિપોઝીટ વિવિધ બેન્કોમાં પડી છે. આ સંખ્યા એકલા કેરાલામાં જ છે પરંતુ મધ્ય ગુજરાતના એક ગામ ધર્મજમાં ૧૦૦૦ કરોડની એનઆરઆઈ ડિપોઝીટ છે. આ એક જ ગામ એવું છે કે જયાં આટલી મોટી સંખ્યામાં બેન્ક ડિપોઝીટ જમા છે. આણંદ જિલ્લાનું આ એક ગામડું છે જેની વસતી ૧૧,૩૩૩ છે પરંતુ વિવિધ બેન્કોની ૧૩ જટેલી શાખાઓ આ નાનકડા ગામમાં આવેલી છે. ૩૦૦૦ જેટલા પાટીદાર પરિવારો વિદેશમાં જઈને વસ્યા છે અને આ બેન્કોમાં ડિપોઝીટ જમા કરાવે છે. ઈતિહાસ છે કે દેના બેન્કની પહેલી શાખા આ ગામમાં ૧૯૫૯માં શરૂ કરવામાં આવી હતી...

**સત્ર બાદ બદલીઓની મોસમ ...**

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રની આખરી ઘડીઓ ગણાઈ રહી છે. સત્ર સમાપ્તિ થશે એટલે ઓફિસરોની બદલીઓની મોસમ ખિલી ઉઠશે. સરકારના વિવિધ વિભાગોમાં ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી એક જગ્યાએ ફરજ બજાવતા ઓફિસરોની સાથે અન્ય સિનિયર ઓફિસરોની બદલીઓ તોળાઈ રહી છે. આ વખતે ચીફ મિનિસ્ટર ઓફિસમાં પણ મોટા ફેરફારો નોંધી શકાય તેવા છે, કારણ કે સીએમના પ્રિન્સિપલ સેક્રેટરી જી. સી. મુર્મુ ડેપ્યુટેશન ઉપર નવી દિલ્હી જઈ રહ્યાં છે. તેમના સ્થાને હાલના જીએડી ચીફ શ્રીનિવાસનની નિયુક્તિને નકારી શકાતી નથી. સરકાર વિવિધ બોર્ડ-કોર્પોરેશનમાં પણ ચેન્જીસ કરવા માગે છે, એ સાથે મુખ્ય વિભાગોના હેડ પણ બદલાય તેવી સંભાવના છે. બદલીઓ સાથે આઈએએસ ઓફિસરોના પ્રમોશન પણ આવી રહ્યાં છે. બસ, વેઈટ એન્ડ વોચ...